# ..કવનમાં વક્રીભવન..

## ..શેરમાં નીર્મીશાત્મક સુધારા..

સમયની સાથે બધું જ બદલાતું હોય છે. જુની કવીતાને પણ નવા યુગ પ્રમાણે સુધારી નાખવી જોઈએ. દરેક વ્યક્તી સામાવાળાને સુધારી નાખવા તત્પર હોય છે. મેં પણ ખુબ ઉત્સાહપુર્વક બીજા શાયરોના શેરને સુધારી નાખ્યા.
તો લો, હવે વાંચવા માંડોઃ–

–નીર્મીશ ઠાકર-સુરત

૧.રડ્યા 'બેફામ' સૌ મારા મરણ પર એ જ કારણથી
હતો મારો જ એ અવસર ને મારી હાજરી નહોતી!

–બરકત વીરાણી

રડ્યા સૌ લેણદારો મુજ મરણ પર એ જ કારણથી
હતો હા વાયદો આજે ને મારી હાજરી નહોતી!

૨.ડોળીનો ભાર ક્યાં, અરે! દુલ્હનનો ભાર ક્યાં?
અશ્રુનો ભાર હોય છે ઝાઝો કહાર પર.

–હરીન્દ્ર દવે

ડોળીનો ભાર ક્યાં? અરે! દુલ્હનનો ભાર ક્યાં?
બધ્ધો જ ભાર હોય છે અંતે પગાર પર.

૩.મારી હસ્તી મારી પાછળ એ રીતે વીસરાઈ ગઈ
આંગળી જળમાંથી નીકળી ને જગા પુરાઈ ગઈ.

–ઓજસ પાલનપુરી

મારી પસ્તી કાવ્ય સાબીત ન થઈ, વેચાઈ ગઈ
કેંક પાનાંમાં તો ખારી શીંગ પણ જોખાઈ ગઈ.

૪.મનોરંજન કરી લઉં છું, મનોમંથન કરી લઉં છું;
પ્રસંગોપાત્ત જીવનમાં, પરીવર્તન કરી લઉં છું.

–અકબરઅલી જસદણવાળા

જીવનમાં સ્થીરતા કેવી? મનોરંજન કરી લઉં છું;
મીસીસ છે કોરીઓગ્રાફર ને હું નર્તન કરી લઉં છું.

PDF created with pdfFactory trial version www.pdffactory.com

૫.દુનીયામાં કંઈકનો હું કરજદાર છું ‘મરીઝ’
ચુકવું બધાનું દેણ જો અલ્લાહ ઉધાર દે!
–મરીઝ

બ્રહ્મા, મહેશ, વીષ્ણુ મને કંઈ ન ધીરે!
ચુકવું બધાનું દેણ જો અલ્લાહ ઉધાર દે!

૬.જીંદગીના રસને પીવામાં કરો જલદી ‘મરીઝ’
એક તો ઓછી મદીરા છે ને ગળતું જામ છે!
–મરીઝ

નોટ લઈને વોટ દેવામાં કરો જલદી તમે!
એક તો આવ્યા ફરીથી, ને આ ભળતું નામ છે!

૭.દુખો આવ્યાં છે હમણાં તો ફક્ત બે-ચાર સંખ્યામાં
ભલા શી ખાતરી કે એ પછી લશ્કર નહીં આવે?
–જલન માતરી

આ મુક્તકથી મળ્યાં છે સ્ટેજ પર બે-ચાર ટમેટાં
જો ફટકારું ગઝલ તો સ્ટેજ પર પથ્થર નહીં આવે?

૮.બને તો એમને કહેજો કે ખુશ્બો મ્યાનમાં રાખે
બગીચામાં બધાં ફુલોની હમણાં ઘાત ચાલે છે.
–મનહર મોદી

રસોડે જઈને કહેજો કે મઠીયાં મ્યાનમાં રાખે
તળ્યાં તે તેલખોરાં છે, ગળાની ઘાત ચાલે છે.

૯.મને સદ્‌ભાગ્ય કે શબ્દો મળ્યા તારે નગર જાવા
ચરણ લઈ દોડવા બેસું તો વરસોનાં વરસ લાગે!
–મનોજ ખંડેરીયા

લઈ સુટકેસ આવો તો તરત નેતા સુધી પહોંચો
ચરણ લઈ દોડવા બેસો તો વરસોનાં વરસ લાગે!

૧૦.જીંદગીનો એ જ સાચેસાચ પડઘો છે ‘ગની’
હોય ના વ્યક્તી ને એનું નામ બોલાયા કરે!
–ગની દહીંવાળા

લેણદારોના હ્રદયનો તું જ પડઘો છે કવી
થાય ના કશું ને એનું નામ બોલાયા કરે!

PDF created with pdfFactory trial version www.pdffactory.com

૧૧.ગુજારે જે શીરે તારે જગતનો નાથ તે સહેજે
ગણ્યું જે પ્યારું પ્યારાએ અતી પ્યારું ગણી લેજે.

–બાલાશંકર કંથારીયા

ગુજારે જે શીરે તારે આ ઘરની નાર તે સહેજે
હજી તો દાળ ખારી છે, જીવન ખારું ગણી લેજે.

૧૨.'બેફામ' તોય કેટલું થાકી જવું પડ્યું
નહીં તો જીવનનો માર્ગ છે ઘરથી કબર સુધી.

–બરકત વીરાણી 'બેફામ'

બગડ્યું તો 'નીર્મીશ' ખેંચતાં હાંફી જવું પડ્યું
નહીં તો સ્કુટરનો માર્ગ છે ઓફીસથી ઘર સુધી.

૧૩.વાતાવરણમાં ભાર છે મીત્રોના મૌનનો,
હું શું કહી ગયો છું મને ખ્યાલ પણ નથી!

–હરીન્દ્ર દવે

ઝાંખા પ્રકાશે પત્નીને સાળી ગણ્યા પછી,
શું શું કહી ગયો છું મને ખ્યાલ પણ નથી!

૧૧ મે ૨૦૦૩ના મુંબઈના ગુજરાતી દૈનીક **'સમકાલીન'**માંથી,
**'ગુર્જરી–કલાપી'** ફોન્ટમાં અને **'ઉંઝા જોડણી'**માં
સાભાર પુનર્લેખન:**uttamgajjar@hotmail.com**

PDF created with pdfFactory trial version www.pdffactory.com